# દલિતોનો આક્રોશ રાજ્યની શાંતિ ડહોળી શકે છે

**તંત્રીસ્થાનેથી...**

ઊના પાસેના સમઢિયાળામાં દલિત યુવાનો પર થયેલ ક્રૂર અત્યાચારના રાષ્ટ્રવ્યાપી પડઘા પડ્યા છે. સંસદસત્રના પ્રારંભે જ જ્યારે વડાપ્રધાન મોદીએ વિપક્ષોનો મૂડ સારો લાગી રહ્યો હોવાની મીઠી મજાક કરવાની કોશિશ કરી ત્યારે બહુજન સમાજ પાર્ટીનાં નેતા કુ. માયાવતીએ ગુજરાતમાં દલિતો સલામત નહીં હોવાનું ઉગ્ર નિવેદન કરતાં ઉમેર્યું હતું કે જો મીડિયાએ આ મુદ્દો ચગાવ્યો ન હોત તો રાજ્ય સરકાર તો અત્યાચાર ગુજારનારાઓ પ્રત્યે જરા પણ ગંભીર ન બની હોત. જો કે ગુજરાતનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલને પણ આ મુદ્દાની ગંભીરતા બરાબર સમજાઈ છે. એમણે તાબડતોબ કડક પગલાં ભરવાના આદેશ કર્યા છે એટલું જ નહીં, એ અત્યાચારીઓ વિરુદ્ધ કલમ ૩૦૭ (ખૂન કરવાનો પ્રયાસ) થી લઈ એટ્રોસિટી એક્ટની કલમો લગાડી એમને જેલ ભેગા કર્યા છે. ઊનાના પી.આઈ. સહિત ચાર પોલીસમેન સસ્પેન્ડ કરાયા છે. કેસની તપાસ સીઆઈડી ક્રાઈમને સોંપી છે અને સ્પેશિયલ ડેઝિગ્નેટેડ કોર્ટમાં કેસ ચલાવી ગુનેગારોને સખતમાં સખત પદાર્થપાઠ ભણાવવાનું વલણ અપનાવ્યું છે. રાજ્ય સરકાર માટે આ બહુ જ મોટો પડકાર છે, જેના પડઘા આગામી ચૂંટણીઓમાં ઉત્તરપ્રદેશ અને પંજાબ તેમજ ગુજરાતની વિધાનસભાઓમાં પરિણામો સુધી સંભળાતા રહેવાના છે. ગુજરાતમાં દલિત સમાજ કોંગ્રેસની પરંપરાગત વોટબેંક ગણાતો રહ્યો છે. ગોધરાકાંડ પછીના બનાવોમાં દલિતોને હિંદુત્વનો 'અમી પિયાલો' પિવડાવી ભારતીય જનતા પાર્ટી તરફ વાળવામાં તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાનને સફળતા સાંપડી હતી. આખાંને આખાં ગામો ખાલી કરીને દલિતોએ હિજરત કરવી પડી હોય એવી ઘટનાઓ પછી પણ દલિત સમાજને કોંગ્રેસની તત્કાલીન નેતાગીરીનો સધિયારો સાંપડેલો, તે જાણીતી હકીકત છે. ખુદ કોંગ્રેસી આગેવાનો જ જેતલપુર અને મગોડી જેવી ઘટનાઓમાં મોટી ઝુંબેશ ઉપાડી દલિતોને ન્યાય અપાવવામાં સક્રિય રહ્યા હતા. ઊનાની ઘટના જે રાજ્યવ્યાપી પડઘા પડ્યા છે તે ગુજરાતની શાંતિને ડહોળી શકે એ બરના છે. સાત દલિત યુવાનોએ ઝેર ગટગટાવ્યું છે અને ઠેકઠેકાણે વિશાળ જનસંખ્યાવાળી ધિક્કાર રેલીઓ યોજાઈ રહી છે. સૌરાષ્ટ્રમાં શરૂ થયેલું આંદોલન ગુજરાતના ખૂણે ખૂણે પ્રસરવાની પૂરી શક્યતા છે ત્યારે આવી કરપીણ ઘટનાઓ રાજકીય લાભ લેવાને બદલે કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી જેવા પરિબળોએ દલિતોના વાજબી પ્રશ્નોના નિરાકરણ માટે રજૂઆત કરવી જોઈએ અને સરકાર પાસે તથા અદાલત સમક્ષ ભારતીય જનતા પાર્ટી માટે પાટીદાર આંદોલન કરતાં પણ આ ઘટના પછીની ધિક્કાર રેલીઓ વધુ નુકસાનકારક નીવડી શકે એમ છે. અસ્પૃશ્યતા નિવારણ જેવા રચનાત્મક કાર્યક્રમને સ્વાતંત્ર્ય આંદોલન કરતાં પણ અગ્રતાક્રમે મૂકનારા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના ગુજરાતમાં આઝાદીના સાત દાયકા પછી પણ દલિતો આવી ક્રૂરતાનો ભોગ બનતા હોય તો તે શાસકો સહિત સૌને માટે શરમજનક બાબત ગણાવી જોઈએ.

# આસામના આદિવાસીની જંગલબુક...!! જંગલ જંગલ બાત ચલી હૈ, પતા ચલા હૈ...

માણસ ધારે તો શું નથી કરી શકતો ? આવું આપણે હજાર વાર સાંભળી ચૂક્યા હોઈશું, પણ આ વાત પર ધ્યાન ઓછું જ અપાય છે. બહુ ગણ્યાં ગાંઢ્યા લોકો જ આવું કંઈક ધારીને કશુંક કરવાનો બનવાનો પ્રયત્ન કરે છે, અને પછી પુરસ્કાર, પ્રસિદ્ધિ અને માન સન્માન પામે છે.

માઉન્ટેન મેન દશરથ માઝી, રક્તપિત્તિયા અને આદિવાસી માટે કામ કરતાં ડૉ. પ્રવીણ બાબા આમટે પછી ફરી એક એવાં કર્મયોગીની કહાની ધ્યાને આવી છે. નામ એનું જાધવ પાયેંગ, આસામના એક નાનકડા ગામ જોરથામાં રહેનારા આ એક અત્યંત સામાન્ય વ્યક્તિએ એવું વટવૃક્ષ જેવું

> **તું એટલું જ ના વરસ કે અમે સાવ સુકાઈ જઈએ,**
> **તું એટલું ય ના વરસ કે અમે સાવ કોવ્હાઈ જઈએ.**
> **વરસવું જો હોય જો તને, તો પ્રમાણસર વરસ કે,**
> **અમે મોટું જંગલ થઈને ચોતરફ ફેલાઈ જઈએ!**

કામ કરી બતાવ્યું છે. જે મોટી મોટી એન્વાયરમેન્ટ કોન્ફરન્સ અને સેમિનારમાં ભાગ લેનારાં સાયન્ટીસ્ટ અને પર્યાવરણવાદીઓ કદાચ વિચારી પણ નથી શકતાં.

જાધવ પાયેંગ એટલે અવિશ્વસનીય, બેજોડ, અદ્ભૂત છતાં સીધોસાદો આદિવાસી જેના કામનાં મૂળિયા બ્રહ્મપુત્રા નદીના પટમાં વિસ્તરેલા જંગલોમાં ઊંડા ઉતર્યા છે. બ્રહ્મપુત્રા નદીના કાંઠા વિસ્તારમાં વયાવેલા વૃક્ષોની લહેરખી ઘનઘોર જંગલમાંથી વહેતી હજારો કિલોમીટર દૂર દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન સુધી પહોંચી છે. યસ, ત્રીસ વર્ષની તપશ્ચર્યાના ફળ સ્વરુપે આ ભારતનો વંડરફુલ વનપુરુષ બન્યો છે!

ચાલો થોડી પૂર્વભૂમિકા બાંધી લઈએ. 'બ્રહ્મપુત્રા'નદીને પૂર્વોત્તર પ્રદેશનો અભિશાપ પણ કહેવાય છે. આસામ સુધી પહોંચી હજારો માઈલનો પ્રવાસ કરી આ નદી એની સાથે માટી, રેતી અને પહાડના પથ્થરોનો આખો કાટમાળ ખેંચી લાવે છે. આ નદી ઊંડી નથી હોતી એટલે આ બધા કચરો નદીના કાંઠે વસતા ગામોને પ્રભાવિત કરે છે. ચોમાસામાં વિશાળ પટ પર ઝાડ, હરિયાળી અને ગામડાઓને પોતાની સાથે ખેંચી જાય છે. બ્રહ્મપુત્રા નદીની વિશાળતા હરિયાળી રહીત, બંજર, રેતીવાળો તટ લગભગ રેગિસ્તાન ભાસે છે.




ચાલો હવે આજની વાતના નાયદ જાધવ પાયેંગ પર આવી જઈએ. વર્ષ ૧૯૭૯માં દસમાની પરીક્ષા આપ્યા બાદ આ ભાઈ એના ગામમાંથી પસાર થતી બ્રહ્મપુત્રા નદીના પૂર ઓસરતા એના ભીનાં રેતીવાળા તટ પર ફરી રહ્યો હતો. ત્યારે એની નજર લગભગ સો જેટલા મૃતપાય પડેલા સાપોના ઢગલા પર પડી. જેમ જેમ એ આગળ વધતો ગયો એમ પુરા નદીના કિનારે મરેલા જીવજંતુ વન્યજળચર પ્રાણીઓના સ્મશાનઘાટ જેવો જ લાગ્યો. મૃત જનાવરોને કારણે ત્યાં પગ મુકવા પણ સ્વચ્છ જગ્યા નહોતી. આ સામુહિક નિર્દોષ મોતના દશ્યે જાધવના કિશોર મનને વ્યથિત કરી દીધું...




હજારોની સંખ્યામાં જોયેલા નિર્જીવ સર્પસૃષ્ટિ, ફાટેલી આંખોવાળા પ્રાણીઓ, માથું ફાટી જાય એવી દુર્ગંધને લઈને એ આખી રાત પડખાં ઘસતો રહ્યો. એણે ગામમાં બે-ચાર જણને વાત કરી કંઈક કરીએ. એક વ્યક્તિએ કહ્યું કે, 'જાધવ જયાં કોઈ ઝાડ વૃક્ષ ઉગતા નથી ત્યાં, રેતીવાળા નદીના પટમાં પ્રાણીઓ કયાંથી બચે? એમને આશ્રય કયાં મળે? જંગલ વગર એમને ખોરાક કયાંથી મળે?' આ વાત જાદવનાં મનમાં પથ્થરની લકીર બની ગઈ કે જનાવરોને બચાવવાં વૃક્ષો જ વાવવા પડશે.... ૫૦ બી અને ૨૫ રોપા લઈને ૧૬ વર્ષનો જાદવ નદીનાં કિનારે રોપાં વાવવાં પહોંચી ગયો, આજથી ૩૫ વર્ષ પહેલાંની ઘટના છે!

આજની ઘડીએ કાલનો દિવસ, શું તમે કલ્પના કરી શકો કે આ ૩૫ વર્ષમાં જાદવે ૧૩૬૦ એકરનું આખું જંગલ કોઈ પણ સરકારી મદદ વિના વૃક્ષોથી ભરી દીધું હોય? શું તમે વિશ્વાસ કરી શકો કે એક માણસે ઉભા કરેલાં જંગલોમાં પાંચ વાઘ, સોથી વહુ હરણ, દોઢસો જંગલી હાથીના ઝૂંડ, ગેંડા અને અનેક જંગલી પશુ ફરી રહ્યાં છે. અને હા, સાપ તો ખરાં જ, જેણે આ જાધવ નામના અદ્ભૂત નાયકને જન્મ આપ્યો!

આ જાધવ રોજ સવારે જંગલનું ક્ષેત્રફળ વધારવા પાંચ કિમી. સાયકલ ચલાવી. નદી પાર કરી, બીજા કિનારે વૃક્ષારોપણ કરી સાંજ પડતાં સુધી ફરી પાંચ કિમી. સાયકલ ચલાવી ઘરે પહોંચતો. આના લગાડેલાં ઝાડમાં ગુલમહોર, વાંસ, સાગ, સરગવો, સીતાફળ, લીમડો, આંબો, જાંબુ અને કેટલાંય ઔષધીય વનસ્પતિ પણ છે.

પરંતુ આશ્ચર્યજનક અને દુર્ભાગ્યપૂર્ણ તથ્ય એ પણ છે કે અસંભવને સંભવ કરી બતાવનાર આ સાધક વૃક્ષમાનવ પાંચ વર્ષ પૂર્વે આ દેશ માટે અજાણ્યો ચહેરો હતો. આ પર્યાવરણપ્રેમી એકલો આસામના જંગલોમાં સાઈકલ લઈ વૃક્ષો બિયારણ ભરેલો થેલો લઈ પોતાના બનાવેલા જંગલમાં ગુમનામીની સફર ખેડતો હતો. વાઈલ્ડ લાઈફ ફોટોગ્રાફર જીતુ કલીતાએ આના પર 'મ મોલાઈ ફોરેસ્ટ' નામની ડોક્યુમેન્ટરી ફિલ્મ ૨૦૧૦માં બનાવી, અને આ ચહેરો પબ્લિકમાં જાણીતો બન્યો. આ ફિલ્મ નામી વિશ્વવિદ્યાલયમાં બતાવવામાં આવી.

નાગપુરની વાઈલ્ડ લાઈફ પ્રેમી આરતી શ્રીવાસ્તવે જાધવ પર 'ફોરેસ્ટીંગ લાઈફ' ફિલ્મ બનાવી જેમાં એને પડેલી તકલીફો અને સંઘર્ષને બતાવ્યો. ત્રીજી ફિલ્મ બની 'ફોરેસ્ટમેન' જે વિદેશી ફિલ્મ મહોત્સવમાં બહુ ગાજી. એક વ્યક્તિ વન વિભાગની મદદ વિના, સરકારી આર્થિક સહાય વિના એક આખા વિસ્તારને હરિયાળો બનાવે કે જેની પાસે ઓળખાણ માટે પોતાનું રેશનકાર્ડ પણ નથી. હજારો એકરમાં ફેલાયેલું આ જંગલ હવે તો 'મિશિંગ જંગલ' કહેવાય છે. જાધવ આસામની મિશિંગ જાતિનો આદિવાસી છે.

પોતાનું ઘર ચલાવવા એણે ગાયો પાળી છે, એનાં દૂધના વેચાણથી એનું જીવન નિર્વાહ ચાલે છે. ઘણીવાર એણે પાલેલા વાગે જ એના પાળતું પ્રાણીઓ ફાડી ખાધાં છે, છતાંય એણે એ પ્રાણીઓ પ્રત્યે કરુણા જ દાખવી છે. 'વાઘે મારાં પ્રાણીઓ એટલે માર્યાં કે એ પોતાની ભૂખ મિટાવા ખેતી નથી કરી શકતો' જેવી દિલદારી દાખવે છે, તમે જંગલ નષ્ટ કરશો તો પ્રાણીઓ તમારા ઘરમાં આવીને શિકાર કરવાનાં જ છે, એવું એ વ્યથિત હૃદયે કહે છે.

ગયા વર્ષે આ જાધવ પાયેંગને રાષ્ટ્રપતિ દ્વારા રાષ્ટ્રનો ઉચ્ચ નાગરિક સન્માન 'પદ્મશ્રી'થી સન્માનિત કરવામાં આવ્યો. આજે પણ આ જાધવ વાંસમાંથી બનેલી એક નાનકડી ઝૂંપડીમાં રહે છે. તમામ સરકારી પ્રયાસ, વૃક્ષારોપણના નામે લાખો રૂપિયાની ગ્રાંટ સ્વાહા કર્યા બાદ પણ જે પર્યાવરણ કે વનવિભાગ ન કરી શકયા એ કામ જાદવની મજબૂત ઈચ્છાશક્તિએ કરી બતાવ્યું છે. સાઈકલ પર જંગલની પગદંડી પર ઝોળી લઈને જંગને હરિયાળું બનાવવા સતત પ્રયત્નશીલ જાધવ ભગવાં કપડાં વગરનો સંત છે.

એક સામાન્ય માણસ પણ જો ઈચ્છે તો કોઈ બહાના કે કારણો વિના ધાર્યું કામ કરી જ શકે છે. ચાન્સ મળે તો આના પર બનેલી ફિલ્મો જોઈ જવા જેવી છે!

ચૂંટલો : વન વિભાગ અને પર્યાવરણ પ્રેમીઓ દર વર્ષે હજારો વૃક્ષો વાવીને ભગીરથ કાર્ય કરે છે, પણ પાછળ જાળવણી અને ઉછેર કેટલો થયો? એનો કોઈ હિસાબ નથી. પરિસ્થિતિ ઠેરની ઠેર રહે છે. જાધવ જેવી કટિબદ્ધતા કેળવાય તો વૃક્ષોઆચ્છાદિત આ વિસ્તાર બનતા વાર નહીં લાગે. વધારે નહીં તો સૌએ એક વૃક્ષ દત્તક લેવા જેવું ખરું!

# પ્રેમ એટલે હંમેશા પોઝિટીવ વેવ્સ્

રશિયન સાહિત્યકાર ફ્યોદોર દોસ્તોવ્યેસ્કી (૧૮૨૧-૧૮૮૧)એ લખ્યું છે કે "જીવનમાં તમે જે કંઈ કરો છો, એ તમારી ખુશી માટે કરો છો. તમારી ખુશીથી વિશેષ કશું જ ન હોઈ શકે. જ્યારે તમને કોઈ એક્શન કરવા ખાતર કરતા હોવાનું લાગે તો તમારે એમ ન જ કરવું વધુ બહેતર છે."

પ્રેમ એટલે જ ખુશી. પ્રેમ એટલે જ હેપ્પીનેસ. પ્રેમ એટલે જ હંમેશા પોઝિટીવ વેવ્સ. જો તમારી જિંદગીમાં તમે પ્રેમની અનુભૂતિ કરી હોય તો તમને હંમેશા પોઝિટીવનેસ યાને પોઝિટીવ એનર્જી જ મળી હોવી જોઈએ. જો એમ ન બન્યું હોય અને તમને નકારાત્મકતાનો અનુભવ થયો હોય તો માની લેવું કે એ બીજું કશુંક હોઈ શકે, પરંતુ પ્રેમ તો નહોતો જ. પ્રેમમાં કોઈ પણ જાતની નેગેટીવિટીને સ્થાન જ ન હોઈ શકે.

દોસ્તોવ્યેસ્કી કહે છે એમ, તમે કોઈને ચાહો છો, તો એ કોઈ ફોર્મલ-જોબ કે કરવા ખાતર કરવાનું કામ નથી. તમારું દિલ શું કહે છે, એ પણ એટલું જ જરુરી બને છે. દિલની વાતને અનુસરો. પ્રેમ એ કોઈ પાર્ટ-ટાઈમ જોબ કે પાર્ટ-ટાઈમ બિઝનેસ નથી. કોઈ વ્યક્તિ તમને ગમી જાય, તેનું સ્મિત તમને આનંદ, ખુશી આપી જાય તો સમજવું કે તમને એ વ્યક્તિ ગમે છે. એવી વ્યક્તિની કંપની તમને પોઝિટીવ એનર્જી આપે છે.

ઘણી વાર તમે અનુભવ્યું હોય કે અમુક વ્યક્તિની હાજરીથી તમને કંટાળો આવે, તનાવ અનુભવાય, કોઈકની કંપની બોરિંગ લાગ્યા કરે, તો એવી વ્યક્તિ અવશ્ય તમારા માટે નેગેટિવ-વેવ્સ્ આપનારી ગણાય. બની શકે તો એવી નેગેટિવ-વેવ્સ આપનારી વ્યક્તિથી યોગ્ય અંતર રાખવું જોઈએ. કારણ કે તમે ખુશીને પસંદ કરો છો, દુઃખને નહીં. તમારે તમારી ખુશી અને હેપ્પીનેસ માટેની પ્રાયોરિટી પણ સમજવી જોઈએ.

જ્યારે કોઈ પણ સંબંધની દોરનું બેઉ પક્ષે સમતુલન ન જળવાય તો આખરે સંબંધની દોર તૂટી જતી હોય છે. જ્યારે સંબંધ નામની ચામાં કડવાશ અનુભવાય ત્યારે એવો સંબંધનો ઘૂંટડો ગળે ઉતરતો નથી. આવો સંબંધ ગળે લટકાવી રાખવાનો કોઈ અર્થ નથી. સંબંધમાંથી ઉષ્મા અને સુષ્મા ચાલી જાય પછી એવા સંબંધનો ભાર ખભે ઊપાડીને ફરવાનો પણ કોઈ અર્થ નથી.

કહેવાય છે ને કે ગરમ કરેલી ચા અને સમાધાન કરેલા સંબંધમાં પહેલા જેવી મીઠાશ ક્યારેય આવતી નથી. એક વાર બનાવેલી અને ગરમાગરમ ચા ઠંડી પડી જાય પછી ચાને ફરીવાર ગરમ કરીને પીવાનો કોઈ અર્થ નથી. સંબંધનું પણ એવું જ છે. એક વાર બે વ્યક્તિ વચ્ચે ખટરાગ પેદા થયો પછી એ ગોબો ભરાતો નથી અને તિરાડ સંધાતી નથી. ગોબો ભરાય તો પણ દેખાય છે અને તિરાડ સંધાય તો પણ તે દેખાય છે. બેઉ વ્યક્તિ સમજે છે કે કશુંક ચલાવી લેવું, એનું નામ પ્રેમ નથી. સ્વયં અને ભીતરથી પ્રગટે તો જ પ્રેમ.

તમે જ્યારે કોઈને ચાહો છો, ત્યારે તમે તમારું બધું કામકાજ ભુલી જઈને સૌથી પહેલી અગત્યતા, ટોપ-પ્રાયોરિટીઝ ગમતી વ્યક્તિને આપો છો. સામી વ્યક્તિએ પણ બદલામાં આવું એટેન્શન આપવું જોઈએ. આ કોઈ લેવડદેવડ નથી કે બદલો વાળવો પડે. આમ છતા પ્રેમ માટે સમય આપવો અરસપરસ યા અન્યોન્ય બાબત છે. કેમ કે એક હાથે તાળી ન જ પડે. જ્યારે તમે તમારી લાઈફમાં કંઈક નવું કરવા માગો છો, કંઈક પરિવર્તન કરવા માગો છો, ત્યારે તમારે અવશ્ય તમારી પ્રાયોરિટીઝ બદલવા ઉપર પણ ધ્યાન આપવું પડે.

સંબંધ એની સાથે જોડવો જોઈએ કે જેમને તમારા સંબંધનું માન અને ગૌરવ પણ હોય. જે વ્યક્તિ તમારી સાથે જોડાયેલી રહેવા માટે કોઈ પણ પ્રકારના જોખમની પરવા ન કરે અને દરેક જોખમ ઉઠાવીને પણ તમારી સાથે જોડાયેલી રહે. સંબંધ એ આમ તો પરમેનન્ટ જોબ જેવી અવસ્થા અને વ્યવસ્થા છે, જો તમારી પાસે એ માટે પુરતો સમય જ ન હોય તો તમે એ માટે એપ્લાય પણ ન જ કરો એ વધારે બહેતર છે. સંબંધની ગરિમા ચાર પાયા ઉપર ટકે છેઃ (૧) પ્રેમ, (૨) પ્રામાણિકતા, (૩) સત્ય અને (૪) આદર. આ ચાર બાબતો સિવાય કોઈ પણ સંબંધ ટકી શકતો નથી.

જે તમને બિનશરતીય રીતે ચાહે છે, એમના માટે તમે સમય ફાળવો. જ્યારે સમય-સંજોગ અને પરિસ્થિતિ વગેરે બધું જ સામી વ્યક્તિની અનુકૂળતા મુજબ હોય ત્યારે જ એ વ્યક્તિ જો તમને સાથ આપતી હોય તો એનો અર્થ એવો જ થયો કે એ વ્યક્તિ પોતાની તરફેણની સ્થિતિમાં જ તમારી સાથે જોડાયેલી રહેશે, તમારી પરિસ્થિતિ યા સંજોગ બદલાશે તો એ વ્યક્તિ પણ બદલાઈ જશે. આવી વ્યક્તિની ચાહત પણ તકલાદી હોય.




જેટલો પ્રેમ તમે તમારી જાતને કરો છો, એટલો જ પ્રેમ તમે સામી વ્યક્તિને પણ કરો. પ્રેમ પોઝિટીવ-એનર્જીનું પાવર-હાઉસ છે. તમે સૌપ્રથમ તમારી ભીતર પ્રેમ ભરી દો. આ પછી તમે પ્રેમની પરબ માંડો. એકવીસમી સદીમાં કોઈની પાસે પોતાની કે અન્યની ચિંતા-ફિકર કરવાનો સમય નથી. આથી જ પ્રેમનું મહત્વ વિશેષ છે. જ્યારે તમે કોઈને તમારો સમય આપો છો ત્યારે તમે માત્ર સમય જ આપો છો એવું નથી, તમારી જિંદગીમાંથી અમુક હિસ્સો આપી દો છો કે જે પાછો ક્યારેય આવવાનો નથી.

જ્યારે તમે કોઈને પ્રેમ અને લાગણી આપો છો, તો તમારા બાસ્કેટમાં પણ પ્રેમ અને લાગણી આપોઆપ જ આવી જાય છે. સાચો પ્રેમ તમને કદાચ ક્યારેક વેદના પણ આપે છે. કેમ કે તમે ફૂલ સામી વ્યક્તિને આપો છો અને કંટકનું દુઃખ પોતાની પાસે રાખી લો છો. આ છે સાચા સંબંધની બારાખડી, કાળજી અને સંભાળ. ચાહતની આ જ તો નિશાની છે કે તમે ગમે તેટલી વેદના સહન કરીને પણ સામી વ્યક્તિને હંમેશા ખુશી આપવાનો જ પ્રયાસ કરો છો.

સ્ત્રી હોય કે પુરુષ, એ જ્યારે પ્રેમ કરે છે ત્યારે પોતાનું તન, મન, ધન, માન-સન્માન, અભિમાન અને સ્વાભિમાન સહિત બધું જ પોતાના પ્રિયજન સમક્ષ ન્યોછાવર કરી દે છે. પોતાની જાતને પ્રિયજનમાં ઓગાળી દે છે. વ્યક્તિ ખુદને ભુલીને અને પોતાની આસપાસની દુનિયાને પણ ભુલીને સતત પ્રિયજનના વિચારોમાં જ રમમાણ રહે છે. હવે સમય જતા જો વ્યક્તિને એટલો જ પ્રેમ ન મળે ત્યારે વ્યક્તિ ભીતરથી તૂટી જાય છે.

વ્યક્તિને પોતાના પ્રેમનો અનાદર થયો છે, એનો સ્વીકાર કરવો પણ તેના માટે અઘરો બની જાય છે. પ્રેમના હસીન સપનાઓની દુનિયામાંથી વ્યક્તિ વાસ્તવિકતાની ધરતી ઉપર પછડાય છે, તેની પીડા અમાપ અને અપાર હોય છે. તેના જીવનમાં પ્રેમની ગેરહાજરીથી જાણે નિઃશબ્દ આંધી ઊઠે છે. આવી સંવેદનશીલ વ્યક્તિને સાચવવી અને તેના પ્રેમને જાળવવો એ જેવા તેવા માણસનું કામ નથી.

**જસ્ટ ટ્વીટ :**

'કાંપ ઉઠતી હું મેં યહ સોચ કે તન્હાઈ મેં,
મેરે ચેહરે પર તેના નામ ન પઢ લે કોઈ.'

પરવીન શાકિર.

# આવું બધું થતું રહે, તેમાં આપણે નહીં પડવાનું...

દીપા સાંજની મુંઝવણમાં હતી. દર વખતે ગુરુપૂર્ણિમાના પ્રસંદે દીપક સાથે આવતા પણ આ વખતે તેમણે કહ્યું, 'મારે અગત્યના કેસોની તારીખો આવી ગઈ છે. તેથી હું નહીં આવી શકું. તારે જવું હોય તો જઈ આવ. તુલસી પણ સાથે લઈ જા. અહીંથી સીધી બસ જાય છે. ચાર કલાકનો રસ્તો છે. ત્યંના પ્રમુખ મહેશભાઈનો ફો આવેલો. સૌ તારી રાહ જુએ છે.'

'પણ જો તમે ન આવતા હો તો હું જઉં એ બરાબર કહેવાય ?' 'તું વિચારી જો, વરસોથી આશ્રમમાં વર્ષમાં બે વાર આપણે જઈએ છીએ.' દીપકે કહ્યું. તે પછી દીપાએ તુલસી સાથે વાત કરી. તે તો જવા માટે પહેલેથી તૈયાર જ હતી. તે સ્વામી પ્રેમસ્વરુપને મેળવા વૃંદાવન પહેલાં પણ ગયેલી. ત્યાં તેમના મોટા ગુરુજીનો આશ્રમ હતો. તે બહુ ગદ્ગદ હતી.

દીપાને બસમાં સારું લાગતું ન હતું. કેમ કે દરેક વખતે તે દીપક સાથે કારમાં જતી. કોઈ બીજાનો રતીભર પણ અહેસાન નહીં. રોકાવાની સારી જગ્યા મળી જતી. તેથી પ્રવાસ કઠતો નહીં. આ વખતે પહોંચતા તેમને સૌની સાથે એક હોલમાં ઉતારો આપ્યો. જયાં તે, તુલસી અને બીજી દસ સ્ત્રીઓ હતી. ભોંય પર બધાની પથારીઓ કરવામાં આવી હતી. મંડપના સામાનની તેને ચીડ હતી. તેણે મહેશભાઈને ફોન કરી આશ્રમેથી ચાદરો મંગાવી લીધી હતી. તેણે પોતાની પથારી પાતરી અને બાજુમાં બેગ મુકી દીધી.

અમુક સ્ત્રીઓ જૂનાગઢ, જામનગરથી આવી હતી. અમુક ને તે ઓળખતી હતી,. અમુક નવી હતી. તે દરમિયાન દીપકનો ફોન આવ્યો. પુછતા હતા કે રસ્તામાં તકલીફ તો પડી નહોતી ને? તે શું બોલે. કયાં પોતાની કાર અને કયાં સરકારી બસની મુસાફરી. તકલીફ તો થાય જ ને, પણ હવે કહેવાનો શું મતલબ, તેથી એ ચૂપ રહી. ત્યાં બહારથી તુલસીએ આવીને કહ્યું, બહાર જાનકી આવ્યાં છે. તમને બોલાવે છે. 'એ કયારે આવ્યાં?'

ગઈ કાલે જ કાર લઈ આવી ગયેલ, તે દૂર કૉલેજમાં રોકાયાં છે.

'હં, એ કારમાં આવ્યાં એટલે તેને કૉટેજમાં ઉતારે અપાયો. અમે આ હોલમાં, તેથી જ કહેવા આવી છું. નીકળી છું' તે ધીમેથી બોલી. બહાર ખુરશીઓ મુકેલી હતી. જાનકીબાઈ ત્યાં બેઠાં હતા. આશ્રમમાં બધાં તેમને ઓળખતાં હતા. જયારે મોટા મહારાજ હતા ત્યારે જાનકીબાઈનું ચલણ હતું. તે મોટા મહારાજની શિષ્યા હતા. તે એક રીતે આશ્રમ પર પોતાનો અધિકાર માનતી હતી.

દીપાને જોઈને બોલી. 'દીપા તું કયારે આવી.' 'આજે બપોરે.' 'તો મારી પાસે આવી જવું હતું ને, અહીંયા ઘણી જગ્યા છે.' 'પણ તમારી સાથે...' સુમિત છે. તેના મિત્રો છે. પણ આટલે દૂરથી આવી. એટલે લોકો તો આવી જ જાય. પણ તું એડજેસ્ટ થઈ જાત.

'એ તો તમારી મહેરબાની કહેવાય. પણ મારી સાથે તુલસી પણ આવી છે. અમે બસમાં આવ્યાં છીએ. ત્યાંથી બધું નજીક તેમ પડે છે. તમારી પાસે તો ગાડી છે. અમને આવવા જવાય તકલીફ પડે. તેથી અમે ત્યાં બરાબર છીએ.' દિપાએ કહ્યું. તે વખતે દંડી સ્વામી ત્યાં આવી ગયા. તે રસીદ બુક લઈ ભેટની રકમ લખતા હતા.


ભાભીજી, તમે આવ્યાં, સારું થવું, વકીલ સાહેબ ફોન આવી ગયો હતો. રસ્તામાં કોઈ તકલીફ તો પડી નહોતી ને, મેં તેને કહ્યું કે અમને સમાધિની નજીકમાં મોટા હોલમાં ઉતારો આપે છે. ત્યાં સંડાસ બાથરૂમ છે. પંખા પણ છે. રસોડાની નજીક છે. અમે ત્યાં છીએ.' દીપા બોલી.

'હા એ બધું તો બરાબર.' 'સ્વામી પ્રેમસ્વરુપજી કયારે આવશે?' તુલસીએ પુછ્યું. 'સવાર સુધીમાં આવી જવા જોઈએ.' દંડીસ્વામી બોલ્યા.

દીપકને મોટા મહારાજ પ્રત્યે ખુબ સ્નેહ હતો. તે વખતે બેચાર મહિને એકવાર તે આવી જતા. હવે આવવાનું ઓછું થઈ ગયું છે. પણ તેમની ધાર્મિક ભાવના તેમને ખેદ કરાવે છે. સમિતિના અધ્યક્ષ મહેશભાઈ સ્વામી પ્રેમ સ્વરુપ સાથે ઘેર આવેલા. જેથી પહેલાની જેમ આવજા શરૂ થઈ જાય. આશ્રમના નવ નિર્માણમાં તેમણે નાણાં પણ રોક્યા હતા તેઓ જયારે આવતાં ત્યારે કોટેજમાં રોકાવાની વ્યવસ્થા થાય પણ આ વખતે તે ન આવ્યા. તેમને દીપાને બસમાં મોકલી આપી.

દંડી સ્વામી એ તેમને જણાવી દીધેલું કે બધી સ્ત્રીઓ ને સુવિધાપૂર્વક સુરક્ષિત રાખી છે. સવાર સુધીમાં સ્વામીજી આવી જશે. ત્યારે પુજા અને બાર વાગે ભંડારો છે. તે પછી પરત આવવા બસ મળી જશે. કોઈ મુશ્કેલી નહીં પડે. આશ્રમની બહાર જગદીશભાઈ મળી ગયા. તે તેને પત્ની સાથે આવ્યા હતા. તે કહેતા હતા કે તેઓ છેલ્લા પચાસ વર્ષથી આવે છે. પહેલાં અહીં નાની એક ઝૂંપડી હતી. ત્યાં મોટા સ્વામી રહેતા હતા. ત્યારે અહીં બહુ ઓછા લોકો આવતા. સવારે એક બસ આવી જે અડાલજ સુધી જતી. ત્યાંથી બપોરે પાછી આવતી. ત્યાંથી આગળની બસ મળતી. પણ હવે તો બધું બદલાઈ ગયું છે. હવે જગ્યાના ભાવો ખુબ વધી ગયા છે. હવે આશ્રમમાં ઝઘડા પુજા માટે નહીં પણ સંપત્તિ માટેના છે.

તે વખતે કોટેજ તરફથી ભગવાવેશમાં કાળી દાઢી પર હાથ ફેરવતો એક સન્યાસી નજીક આવતો દેખાયો.




દીપા તેને જોઈ તેનો ચરણસ્પર્શ કરવા આગળ આવી. 'રહેવા દે, દીપા. આ કોઈ સાધુસંત નથી.' જગદીશ ધીરેથી બોલ્યા. 'પણ આ તો...' દીપા કંઈક કહેવા જતી હતી. 'આ પ્રેમસ્વરુપજીનો જૂનો ડ્રાઈવર છે.' 'ડ્રાઈવર' દીપા પર ચોંકી.

'હાં ડ્રાઈવર જ નહીં તેમનો બિઝનેશ પાર્ટનર તેની પચાસ બસો ચાલે છે. તે સામેની કોટેજમાં રોકાયો.' ત્યાં એક સ્વરુપવાન છોકરી તેની સાથે છે. તેનો ભાઈ કોઈ ખુશ કેસમાં ફસાયો છે. તેને છોડાવવા સ્વામી પ્રેમ સ્વરુપ હાલ ગૃહખાતાથી લઈ સ્થાનિક પોલીસતંત્ર પણ દબાણ લાવી રહી છે વાત ચાલતી હતી ત્યાં સ્વામી પ્રેમસ્વરુપજી દેખાયા.

તે સીધા કૉટેજની તરફ આગળ વધ્યાં ત્યાં પેલી છોકરી તેમની રાહ ન હતી. આત્મરામ ડ્રાઈવરમાંથી આત્મનંદ બની ગયો હતો તે બીજા ઝાડ નીચે બેસી બીડી ફૂંકતો હતો.

દીપા અવાક્ હતી. આ બધું શું થઈ રહ્યું છે. તે કંઈ સપનું જોઈ રહી કે બીજું કંઈ. જયારે મોટા મહારાજ હતા ત્યારે આશ્રમ કેવો હતો હવે શું થઈ રહ્યું છે ? આ બધું જોઈ તેને ચક્કર આવવા લાગ્યા. તે બામાં બાંકડા પર બેસી પડી. સવારે પુજા થશે. સ્વામી પ્રેમસ્વરુપનું પગ પ્રક્ષાલન થઈ સૌ ચરણામૃત લેશે. લોકો મહારાજની પ્રસંસાના ગીતો ગાશે, નાચશે. હવે લોકોને ભોજન કરાવાશે. ગરીબમાં ગરીબ હોય તો પણ મફતમાં ન જ કંઈ ને કંઈ તો ભંડારમાં નાંખશે. દાન ભંડારનું રહસ્ય કોઈ જાણી ન શકે. હિસાબ સમિતિ પાસે રહે. સમિતિ સ્વામી પ્રેમસ્વરુપને હિસાબ આપે.

કેમ? હજી તારે પ્રેમસ્વરુપને મળવું છે. દીપા પોતાના મનમાં ઉકેલા સવારથી ગભરાઈ ગઈ. કૉટેજની બહારની લાઈટ બંધ થઈ ગઈ હતી. અંદર નાઈટ લેમ્પનું આછું અજવાળું હતું. જે બારીની તિરાડમાંથી બહાર આવી રહ્યું હતું. આત્માનંદ એમ જ બહાર બેઠો બીડી ફૂંકી રહ્યો હતો. દીપા કોને કહે, શું કહે, અંદર આવી તેણે તુલસીને જગાડી. તુલસી ઊંઘમાં હતી. કંઈક સમજી, કંઈક ન સમજી.

'તું પણ દીપા શું, નક્કામી મુંઝાય છે. આવું બધું, થતું રહે. તેમાં આપણે નહીં પડવાનું. જા સુઈજા. બીજીવાર આપણે આમ નહીં આવીએ એમ કહી પડખું ફરી સુઈ ગઈ.' સવારે ઉઠતાં તેણે વિચાર્યું કે દીપકને બધી વાત કરીશ ત્યાં સામેથી તેનો જ ફોન આવ્યો. 'શું વાત છે. દંડી સ્વામીનો ફોન હતો. તું આખી રાત સુતી નહોતી. બાંકડે બેસી રહેતી.'

'પણ તમે તારી મારી વાત તો સાંભળો.' દીપા બોલી.

'શું સાંભળું દરેક વાતનો તું ખોટો અર્થ કાઢે છે. તું નેગેટીવ બહુ છે. બપોરની બસથી પાછી આવી જા. બધાં તારાથી ખુબ નારાજ છે. મહેશભાઈ કહેતા હતા કે તું કોઈ પત્રકાર સાથે વાત કરતી હતી. મારી વાત સાંભળ. બીલકુલ ચૂપ રહેજે. નહીંતર તું પણ મુશ્કેલીમાં મુકાઈશ અને મને પણ મુશ્કેલીમાં મુકીશ. એ વિસ્તારના ઘણાં કેસો મારી પાસે છે. મને હેરાન ન કરતી.'

'પણ પેલો ડ્રાઈવર... તમે મારી વાત તો સાંભળી, પાસે રાખ. કંઈ મુશ્કેલીઓ ઊભી થાય એવું કરતી નહીં. જે બસ મળે તેમાં તુલસીની સાથે તું પાછી આવી જા ફોન કપાઈ ગયો.'